# BUSINESS મિત્ર

# FPIsની વાપસી: વિદેશી રોકાણકારોની નવી 'સ્ટ્રેટેજી'!

**કેપિટલ** ગુડ્ઝ અને ઓટોમાંથી નાણાં પાછા ખેંચી હેલ્થકેર તેમજ કન્ઝ્યૂમર સેક્ટરમાં ઉભરાયો રૂ. 25,000 કરોડથી વધુનો પ્રેમ

મુંબઇ, તા. 8: લાંબા સમયથી ભારતીય શેરબજારથી અળગા રહેલા વિદેશી રોકાણકારો ફરી એકવાર ભારતીય શેરબજાર તરફ વળી રહ્યા છે અને જુલાઈમાં તેઓએ પ્રવેશ કર્યો હતો, પરંતુ આ વખતે વિદેશી રોકાણકારોએ અલગ સ્ટ્રેટજી અપનાવતા જોવા મળ્યા હતા, તેઓએ કેપિટલ ગુડઝ, ટેલિકોમ અને ઓટો સેકટરમાંથી દૂર થવાનું શરૂ કરી દીધું છે, તેના બદલે તેઓ હેલ્થકેર, કન્ઝયુમર સર્વિસીસ અને કન્ઝયુમર ડયુરેબલ્સ કંપનીઓમાં રોકાણ કરતા જોવા મળ્યા છે.

એનએસડીએલ અનુસાર એફપીઆઈના આંકડા જોતાં જુલાઈમાં કન્ઝયુમર સર્વિસીસ, હેલ્થકેર અને કન્ઝયુમર ડયુરેબલ્સ સેકટરમાં કુલ રૂ. 25298 કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું હતું, જે જુલાઈમાં ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારો દ્વારા લગભગ રૂ. 20200 કરોડનું રોકાણ કર્યુ છે. જેમાં કન્ઝયુમર સર્વિસીસ પ્રથમ પસંદગી રહી હતી. આ સેકટરમાં રૂ. 10201 કરોડનું રોકાણ થયું હતું, ત્યારબાદ રૂ. 7755 કરોડ અને કન્ઝયુમર ડયુરેબલ્સ સેકટરમાં રૂ. 7342 કરોડનું રોકાણ કર્યુ હતું.

આમ, જુનની સરખામણીએ જુલાઈમાં વ્યૂહરચનામાં મોટો ફેરફાર જોવાયો હતો. જુનમાં આ ત્રણેય સેકટરમાં માત્ર રૂ. 93 કરોડનું રોકાણ હતું, જેમાં કન્ઝયુમર સર્વિસીસમાં 1229 કરોડ અને કન્ઝયુમર ડયુરેબલ્સમાં 1930 કરોડનું રોકાણ કર્યુ હતું, પણ હેલ્થકેર સેકટરમાંથી રૂ. 3066 કરોડનું આઉટફલો થયું હતું. જુન મહિનામાં વિદેશી રોકાણકારોએ કેપિટલ ગુડઝમાંથી સૌથી વધુ રૂ. 6275 કરોડ ઉપાડ્યા હતા, ત્યારબાદ ટેલિકોમ સેકટરમાંથી રૂ. 5725 કોરડ અને ઓટો સેકટરમાંથી રૂ. 4564 કરોડના શેર વેચવામાં આવ્યા હતા. જોકે, ઓટોમોબાઈલ સેકટરમાં આઉટફલો જુનની તુલનામાં થોડો ઓછો હતો.

જુનમાં આ સેકટરમાંથી રૂ. 10368 કરોડ ઉપાડવામાં આવ્યા હતા, જ્યારે જુલાઈમાં તે ઘટીને રૂ. 4564 કરોડ થઇ ગયા હતા. આ હોવા છતાં આ ક્ષેત્રમાંથી ઉપાડનું સ્તર ખુબ ઉચું રહ્યું હતું. વિદેશી રોકાણકારોએ આઈટી સેકટરમાં પણ વલણ બદલ્યું છે. જુનમાં આ સેકટરમાંથી રૂ. 7466 કરોડનો આઉટફલો હતો, તે જુલાઈમાં રૂ. 3358 કરોડનું રોકાણ હતું. જોકે, હજુય આઈટી સેકટરમાં રોકાણ વધે તેવું લાગી રહ્યું છે.

### સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૫૪૮૦ |
| તેજાબી સોનું | ૧૫૫૩૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૭૧૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૨૩૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૫૪૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૬૭૫૦ |
| ચાંદી સિક્કા | ૨૩૮૨૫૦ |

### જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |

### યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂ.** | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

# GIDCના પ્લોટ પરના હકના ટ્રાન્સફર માટે મળતા અવેજ પર GST લાગે નહીં

## નામદાર સુપ્રિમ કોર્ટનો અગત્યનો આખરી ચૂકાદો...

### કાયદાની કેડીએ...
ઈશ્વર રૂદલાલ

GIDCના પ્લોટના સીઝના હકની તબદીલી માટે મળેલ અવેજ પર GST ભરવા માટે ઘણાને ખાતા તરફ નોટિસો બજાવવામાં આવેલ ત્યારે ના.ગુજરાત હાઈકોર્ટે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના કેસમાં તા. 3-1-25ના રોજ ચૂકાદો આપીને આવા પ્લોટના લીઝના હકને તબદીલ કરવા માટે મળેલ અવેજ પર GST લાગે નહી તેવો ચૂકાદો આપેલ. આ ચૂકાદાને ભારત સરકાર દ્વારા ના. સુપ્રિમકોર્ટમાં પડકારવામાં આવેલ અને હવે ના. સુપ્રિમકોર્ટ તા. 21-7-26ના ઓર્ડરથી ના.ગુજરાત હાઈકોર્ટના ચૂકાદા સામેની અપીલ નામંજૂર કરી છે, જે બાબત તરફ એક નથી નાંખીએ તો...

ઘણી વખત જેમને GIDC દ્વારા પ્લોટ લીઝ પર આપવામાં આવેલ હોય તેમના દ્વારા તે લીઝના હકનું GIDCની પરવાનગીથી અન્ય વ્યક્તિને અવેજ લઈને હસ્તાંતર કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં આવા GIDCના પ્લોટના લીઝના રંકની તબદીલી માટે મળેલ અવેજ ઉપર GST ભરવા માટે ઘણાને નોટિસો ફટકારવામાં આવેલ. ત્યારે... ના.ગુજરાત હાઈકોર્ટ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી લિ. યુનિયન ઓફ ઈન્ડિયાના તબદીલ કરવા માટે મળેલ અવેજ પર GST ન લાગે એવો ચૂકાદો આપેલ તો.. ના. ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાને ભારત સરકાર દ્વારા ના.સુપ્રિમકોર્ટ સમક્ષ પડકારવામાં આવેલ.

દરમ્યાનમાં ના. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને અનુસરીને ના.બોમ્બે હાઈકોર્ટ આપેલ સમાન પ્રકારના ચૂકાદા સામેની અપીલ તા. સુપ્રિમકોર્ટ તા. 22-5-26ના ચુકાદાથી સ્પે. લી.પી. 1872/2026ના નામંજૂર કરવામાં આવેલ. ત્યારે... પોતાના અગાઉનાં આ ચૂકાદાને અનુસરીને, ના.સુપ્રિમકોર્ટ યુનિયન ઓફ ઈન્ડિયા વિ. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ-સ્પે.લી.પી. 33270/2025 ના કેસમાં તા. 21-07-2026ના ઓર્ડરથી ના.ગુજરાત હાઈકોર્ટના ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ચૂકાદા સામેની અપીલ નામંજૂર કરી છે. ના. સુપ્રિમકોર્ટ ચૂકાદામાં જણાવ્યું કે આ કોર્ટ તા. 22-5-26ના રોજ આપેલ ચૂકાદો સ્પે.લી.પીટીશન નં. 18772/2026 ડિસમીસ કરી છે. ત્યારે તેના જેવી જ આ સ્પે. લી. પીટીશન ડિસમીસ કરીએ છીએ.

આમ ના. સુપ્રિમકોર્ટના ગુજરાત હાઈકોર્ટના ચૂકાદા સામેની અપીલ નામંજૂર કરેલ છે. ત્યારે એ બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે GIDCના પ્લોટ પરના હકના હસ્તાંતર કરતાં મળતી રકમ પર GST લાગે નહી. ત્યારે આ સંજોગોમાં જે કોઈ વ્યક્તિએ GIDC પ્લોટના હકના હસ્તાંતર પેટે મળેલ રકમ પર GST ચૂકવેલ હોય તો તેઓને તેવા ચૂકવેલ વેરાનું રિફન્ડ કાયદેસર રીતે મળવાની છે, અને

સમયમર્યાદા લાગુ પડે નહીં.

ના. ગુજરાત હાઈકોર્ટે મે. અસંધા, ટેક્ષક્રાફટ, એન્જી. ના તા.12.12.24 ના ચૂકાદાથી ઠરાવ્યું છે કે ભૂલથી ભરાયેલ વેરાનું રિફન્ડ મેળવવા માટે કલમ 54માં ઠરાવવામાં આવેલ બે વર્ષની સમયમર્યાદા લાગુ પડે નહી. આથી જે ઉદ્યોગોએ 2 વર્ષથી વધુ સમય પહેલા GIDCના પ્લોટ પરના હકના હસ્તાંતર પેટે મળેલ અવેજ પર GSt ચૂકવેલ હોય તેઓને રિફન્ડ મેળવવા માટે સમયમર્યાદાનું બંધનું નડે નહી અને તેઓ રિફન્ડ મેળવી શકે છે અને...

રિફન્ડ મેળવવા સંબંધિત અધિકારીને મુકરર ફોર્મમાં અરજી કરવી જોઈએ.

# ચીનની ગોલ્ડ ગેમ: સતત ૨૦મા મહિને સોનાની મોટી ખરીદી

**ડોલરનું** પ્રભુત્વ તોડવાની તૈયારી

**લંડનથી** હોંગકોંગ સોનું ટ્રાન્સફર કરી ચીન બનશે નવું ગોલ્ડ ટ્રેડિંગ હબ

નવી દિલ્હી, તા. 8: છેલ્લા કેટલાક સમયથી સતત ચીન સોનાની ખરીદી કરી રહ્યાના અહેવાલ આવી રહ્યા છે. પીપલ્સ બેન્ક ઓફ ચાઈના હાલમાં વિશ્વની સૌથી મોટી સરકારી સોનાની ખરીદદાર બેન્ક તરીકે ઉભરી આવી છે. આંકડાઓ અનુસાર જુન મહિનો એ સતત 20મો મહિનો હતો, જ્યારે ચીને પોતાના ગોલ્ડ રિઝર્વમાં વિપુલ માત્રામાં વધારો કર્યો છે.

ચીન દ્વારા સોનાની સતત ખરીદી એ નાણાકીય ક્ષેત્રમાં મહત્વના ફેરફારના એંધાણ આપી રહ્યા છે. જેમાં ડોલરનું પ્રભુત્વ ઘટાડવાથી લઈને અનેક બાબતોમાં ફેરફાર થવાની સંભાવના વર્તાઇ રહી છે. બ્લુમબર્ગના અહેવાલ મુજબ ચીન લંડન સ્થિત પોતાના સોનાના ભંડારમાંથી મોટો હિસ્સો પાછો ખેંચીને હોંગકોંગમાં શિફ્ટ કરી રહ્યું છે. વૈશ્વિક નાણાકીય બજારમાં ચીન દ્વારા લેવાયા આ નિર્ણયથી લંડન અને સીંગાપોર જેવા સ્થાપિત ગોલ્ડ ટ્રેડિંગ હબ માટે પણ મોટો પડકાર ઉભો થવાની શકયતા છે.

જુન મહિનાની ખરીદી સાથે સતત 20માં મહિને પીપલ્સ બેન્ક ઓફ ચાઈનાની ખરીદીએ સમગ્ર વિશ્વને ચોંકાવી દીધા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓકટોબર 2023 પછી જુન મહિનામાં બેન્કે સોનાની સૌથી મોટી ખરીદી નોંધાવી હતી.

વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ વચ્ચે ચીન પોતાના ફોરેન એક્સચેન્જ રિઝર્વને મજબૂત કરવા માટે સોનાન ભંડારમાં સતત વધારો કરી રહ્યું છે.

એટલું જ નહીં, ચીને લંડનથી સોનાને હોંગકોંગ ટ્રાન્સફર કરાવી રહ્યું છે, જેના લીધે એવું માની શકાય કે ચીને હવે હોંગકોંગને વિશ્વના મુખ્ય ગોલ્ડ ટ્રેડિંગ હબ તરીકે સ્થાપિત કરવાના હેતુથી લંડનમાંથી પોતાનું સોનુ હોંગકોંગ ખસેડવાની પ્રક્રિયાને ઝડપી બનાવી છે. બીજી તરફ, હોંગકોંગે જુલાઇ મહિનામાં એક નવી ગોલ્ડ કલીયરીંગ સીસ્ટમ અને નવો બેન્ચમાર્ક રજૂ કર્યો છે. ચીન આ સીસ્ટમને વધુ મજબૂત કરવા માટે ત્યાં વધુ સોનુ મોકલી રહ્યું છે, જેથી વૈશ્વિક સ્તરે સોનાના ભાવ નક્કી કરવાની પ્રક્રિયામાં ચીનનું પ્રભુત્વ રહે.

છેલ્લા કેટલાક વર્ષોમાં માત્ર ચીન જ નહી, પણ ભારત અને સર્બિયા જેવા દેશોએ સોનુ પોતાના દેશોમાં પરત મંગાવ્યું છે. ચીનનો આ દાવ પશ્ચિમી દેશોના નાણાકીય પ્રભુત્વને તોડીને એશિયન બજારમાં ખસેડવાનો પ્રયાસ કહી શકાય.

# દેશમાં 5.25 લાખ ઘરો વેચાયા નથી, ઈન્વેન્ટરી 4% વધી

**એફોર્ડેબલ** હાઉસીંગમાં ઇન્વેન્ટરી ઘટી, પણ લકઝરી અને પ્રીમિયમ હાઉસીંગની વધી

નવી દિલ્હી, તા. 8: વૈશ્વિક અનિશ્ચિતતાની અસર રિયલ્ટી સેકટર ઉપર પણ જોવા મળી રહી છે. ગત ફેબ્રુઆરીથી ઈરાન-અમેરિકા અને ઇઝરાયેલ વચ્ચેના તણાવના પગલે ઉંચા ક્રુડ ઓઇલ, ઉંચો ફુગાવો ભારતીય અર્થવ્યવસ્થાને હચમચાવી રહ્યો છે, ત્યારે રિયલ્ટી સેકટરમાં વેચાણ ઉપર અસર જોવા મળી રહી છે. 2026ના પ્રથમ છ મહિનાના અંતે દેશના મુખ્ય આઠ ભારતીય બજારોમાં અનસોલ્ડ હાઉસીંગ ઈન્વેન્ટરી વાર્ષિક ધોરણે 4 ટકા વધીને 525695 યુનિટ થઈ છે. જે ચિંતાજનક બાબત કહી શકાય.

નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2026ના પ્રથમ છ મહિનામાં હાઉસીંગ સેકટરનું ચિત્ર મિશ્ર રહ્યું હતું. એફોર્ડેબલ હાઉસીંગની ઈન્વેન્ટરી ધીમી ગતિએ ઓછી થતી જાય છે, પણ લકઝરી અને પ્રીમીયમ સેગમેન્ટમાં ઈન્વેન્ટરી વધી રહી છે.

આંકડાની દ્રષ્ટિએ જોઈએ તો 50 લાખથી નીચેની કેટેગરીમાં એનસોલ્ડ ઈન્વેન્ટરી વાર્ષિક ધોરણે 7 ટકા ઘટીને 171363 યુનિટ થઈ હતી, જ્યારે 50 લાખથી એક કરોડના સેગમેન્ટમાં ઈન્વેન્ટરી 3 ટકા ઘટીને 134841 યુનિટ થઈ હતી. આ ઘટાડો મર્યાદિત નવા પુરવઠાના લીધે છે. જેનાથી વિપરીત એકથી બે કરોડના સેગમેન્ટમાં ઈન્વેન્ટરી વાર્ષિક ધોરણે 12 ટકા વધીને 65671 યુનિટ થઈ છે.

5થી 10 કરોડના સેગમેન્ટમાં ઈન્વેન્ટરીમાં 23 ટકા અને 20થી 50 કરોડની કેટેગરીમાં 52 ટકાનો ઉછાળો આવ્યો છે.

નાઈટ ફ્રેન્કે જણાવ્યું હતું કે, પ્રીમિયમ સેગમેન્ટમાં વધતી ઈન્વેન્ટરી ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આજ સમયે અનસોલ્ડ ઈન્વેન્ટરીમાં સુધારો થયો છે, તેની સામે જુની ઈન્વેન્ટરીને ઘટાડી રહી છે.

# ટેરિફ ધમકી સામે ભારત નમે નહીં: GTRIની અપીલ

**રશિયન** તેલ આયાત ચાલુ રાખવી જ હિતમાં

**નાણાકીય** વર્ષ 2026માં ભારતની ક્રુડ આયાતમાં રશિયાનો હિસ્સો 30.3 ટકા એટલે કે 40.8 અબજ ડોલરનો હતો

નવી દિલ્હી, તા. 8: ભારતે તેની ઉર્જા નીતિને ઉચ્ચ યુએસ ટેરિફની ધમકી પર આધારિત ન રાખવી જોઇએ, તેમ ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ-જીટીઆરઆઈએ જણાવતાં ઉમેર્યુ હતું કે, જ્યાં સુધી રશિયન ક્રુડ ઓઈલ ખરીદવા માટે વ્યાપારી રીતે સક્ષમ છે, ત્યાં સુધી ભારતે તે ખરીદતા રહેવું જોઈએ. આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયન ઊર્જા ખરીદવાનું ચાલુ રાખનારા દેશો પર દંડ લાદવા માટે વધુ સત્તા આપવા માટે આગળ વધી રહ્યું છે.

7 ઓગસ્ટના રોજ, યુએસ સેનેટે લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્કશનિંગ રશિયા અને ઈરાન એક્ટ 2026 ને 86-11 મતથી પસાર કર્યો. આ કાયદો યુએસ રાષ્ટ્રપતિને એવા દેશોના માલ પર 100 ટકા સુધીના વધારાના ટેરિફ લાદવાની મંજૂરી આપશે. જે રશિયન ક્રુડ ઓઈલ અથવા કુદરતી ગેસ ખરીદવાનું ચાલુ રાખે છે અને રશિયન ઊર્જાના પાંચ સૌથી મોટા ખરીદદારોમાં સામેલ છે. જોકે, આ બિલ આપમેળે ભારત પર 100 ટકા ટેરિફ લાદતું નથી. કાયદો બનતા પહેલા, તેને યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ દ્વારા મંજૂર કરવું આવશ્યક છે. 31 ઓગસ્ટે ગૃહ ફરી મળે ત્યારે આ કાયદા પર વિચારણા થવાની અપેક્ષા છે.

જો આ કાયદો લાગુ કરવામાં આવે, તો તે યુએસ રાષ્ટ્રપતિને ચોક્કસ દેશો પર ટેરિફ લાદવાની નોંધપાત્ર સત્તા આપશે. પ્રસ્તાવિત ટેરિફ એવા દેશો પર લાગુ થશે જે કાયદો અમલમાં આવ્યાના 30 દિવસ પછી રશિયન ક્રુડ ઓઈલ અથવા કુદરતી ગેસ ખરીદવાનું ચાલુ રાખે છે અને રશિયન ઊર્જાના પાંચ સૌથી મોટા ખરીદદારોમાં સામેલ છે. જેમાં ચીન, ભારત, સ્લોવાકિયા, હંગેરી અને અઝરબૈજાનનો સમાવેશ થાય છે.

રશિયન ક્રુડ ખરીદવાના મામલે ભારત ખુલ્લુ પડી ગયું છે. નાણાકીય વર્ષ 2026માં ભારતની ક્રુડ આયાતમાં રશિયાનો હિસ્સો 30.3 ટકા હતો. આમ, કુલ 134.7 અબજ ડોલરના ક્રુડની આયાતમાંથી 40.8 અબજ ડોલરની ખરીદી થઇ હતી. આ ક્રુડ ઓઈલથી ભારતના આયાતી બિલને ઘટવામાં મદદ મળી છે. જેથી ફુગાવો નિયંત્રિત રહી શક્યો છે. જોકે, હવે ભારતે એ વિચારવાનું છે કે, રશિયાના આયાત બંધ કરવાથી કે અમેરિકામાં થતી નિકાસમાં ટેરિફ વધવાથી ઓછું નુકશાન થશે, તે દિશામાં આગળ વધશે.

# ખાદ્ય તેલની આયાત બિલમાં 20%નો મોટો ઉછાળો

**8** મહિનામાં આંકડો 1.19 લાખ કરોડ પહોંચ્યો!

**નબળું** ઉત્પાદન, મોંઘો ડોલર અને વૈશ્વિક અસ્થિરતા વચ્ચે ભારતની આયાત નિર્ભરતા ચિંતાજનક સ્તરે

મુંબઈ, તા. 8: નબળા ઉત્પાદન અને વૈશ્વિક દબાણ વચ્ચે ભારત ખાદ્ય તેલની આયાત ખર્ચમાં વધારોનો સામનો કરી રહ્યું છે. ચલણની નબળાઈ, પ્રતિકૂળ હવામાન અને વૈશ્વિક અસ્થિરતાને કારણે આઠ મહિનામાં ભારતના ખાદ્ય તેલની આયાત બિલમાં 20 ટકાનો વધારો થયો છે, જેનાથી આયાત પર નિર્ભરતા અંગે ચિંતા વધી છે અને મજબૂત સ્થાનિક નીતિગત હસ્તક્ષેપોની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

ભારતનો ખાદ્ય તેલ ઉદ્યોગ નોંધપાત્ર રીતે નાણાકીય બોજનો સામનો કરી રહ્યો છે કારણ કે આયાત ખર્ચમાં વધારો થઈ રહ્યો છે, જે સ્થાનિક ઉત્પાદનમાં સતત નબળાઈઓ અને વૈશ્વિક બજારની અસ્થિરતા દર્શાવે છે. આ વલણ દેશની આયાત નિર્ભરતાને વધારશે તેવો ભય ઉભો થયો છે, જેની અસર વિદેશી હૂંડિયામણ અનામત અને વ્યાપક કૃષિ અર્થતંત્ર પર પડશે.

સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (SEA) દ્વારા જારી કરાયેલા ડેટા અનુસાર, નવેમ્બર અને જૂન વચ્ચે, ભારતની ખાદ્ય તેલની આયાત 104 લાખ ટનથી વધી ગઈ છે, જેના કારણે આયાત બિલ રૂ. 99,000 કરોડથી વધીને રૂ. 1.19 લાખ કરોડ થઈ ગયું છે. આ માત્ર આઠ મહિનામાં 20 ટકાથી વધુનો વધારો દર્શાવે છે, અને ઉદ્યોગ હવે 2025-26 વર્ષના અંત સુધીમાં કુલ ખાદ્ય તેલ આયાત બિલ અભૂતપૂર્વ રૂ. 1.75 લાખ કરોડ સુધી પહોંચવાની અપેક્ષા રાખે છે. પાછલા વર્ષનું બિલ રૂ. 1.61 લાખ કરોડ હતું, જે વર્તમાન વધારાનું પ્રમાણ દર્શાવે છે.

આયાત ખર્ચમાં વધારો ફક્ત વધુ આયાત નથી રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થવાથી આયાત વધુ મોંઘી થઈ છે, જ્યારે અનિયમિત હવામાન પેટર્ન સ્થાનિક તેલીબિયાં ઉત્પાદનમાં અવરોધ ઉભો કરી રહી છે. વર્તમાન પરિસ્થિતિ ભારતના ખાદ્ય તેલના ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ સમય છે, જેમાં ચેતવણીના સંકેતો છે જેને નકારી કાઢવા વધુ મુશ્કેલ છે.

# ભારતમાં સોનાની આગામી તેજીનું નેતૃત્વ કરશે Gen-Z

નવી દિલ્હી, તા. 8: સોના સાથેના સંબંધો બદલાઇ રહ્યા છે, સોનાની આગામી તેજી માત્ર જ્વેલર્સ નહીં પણ Gen-Zનો મોટો હાથ જોવા મળશે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના નવા રિપોર્ટમાં કહેવાયું છે કે, ભારતમાં સોનાની આગામી મોટી તેજી જ્વેલરીની ખરીદી જ નહીં, પરંતુ ટેકનોલોજી, ડિજિટલ ફાઈનાન્સ અને નવા યુગના રોકાણ ઉત્પાદનો પણ હશે.

ડબલ્યુજીસીનો રિપોર્ટ એવા સમયે આવ્યો છે કે, જ્યારે છેલ્લા કેટલાક વર્ષોમાં સોનાની કિંમતોમાં વધારો થયો છે. લોકોની ખરીદીની આદતમાં પરિવર્તન આવ્યું છે. જોકે, ભારતમાં લોકો હજુય પણ જ્વેલરી પર ઘણા પૈસા ખર્ચ કરી રહ્યા છે. એક રિપોર્ટ અનુસાર ભારતના લોકો પાસે 31 હજાર ટન સોનુ છે. જેની અંદાજિત કિંમત રૂ. 315 લાખ કરોડ થાય છે, એટલે કે 3.4 ટ્રિલિયન ડોલર છે. જે પૈકી મોટાભાગનું સોનુ ઘરોમાં નિષ્ક્રિય પડયું છે. આ કારણે ભારતમાં સૌથી ઓછી ઉપયોગમાં લેવાતી સંપત્તિ છે પણ તેનું મહત્વનું યોગદાન છે. ડબલ્યુજીસીના જણાવ્યા અનુસાર 1997 અને 2012ની વચ્ચે જન્મેલા લોકો સોનાને માત્ર વારસાગત સંપત્તિ તરીકે જોતા નથી. તે સોનાની પ્રવાહિતા અને ડિજિટલ એકસેસ જેવી બાબતો પર પણ ભાર મુકે છે.

# રિટેલ રોકાણકારોની પહેલી પસંદ બની વેદાન્તા

**જુન** ક્વાર્ટરમાં 4.9 લાખ નવા રિટેલ શેરહોલ્ડરો ઉમેરાયા, એફઆઇઆઇનો હિસ્સો પણ વધ્યો

**રિલાયન્સ,** HDFC બેન્ક અને વિપ્રોને પણ પાછળ છોડ્યા

મુંબઇ, તા. 8: અનિલ અગ્રવાલની વેદાન્તા લિ.એ ડિમર્જર બાદ રોકાણકારોમાં મજબૂત પક્કડ બનાવી છે. જુન કવાર્ટરમાં કંપનીના રિટેલ રોકાણકારોનો ઉમેરો થયો છે અને રિટેલ રોકાણકારોમાં સૌથી વધઉ પસંદ કરાયેલી કંપનીઓની યાદીમાં ટોચ પર છે. આ સમયગાળામાં આશરે 4.9 લાખ નવા રિટેલ રોકાણકારો ઉમેરાયા છે. ખાસ વાત એ છે કે વિદેશી રોકાણકારોએ પણ કંપનીમાં પોતાનો હિસ્સો વધાર્યો છે. કેપિટલ લાઈનના ડેટા અનુસાર નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ કવાર્ટરમાં વેદાન્તાના શેરહોલ્ડરોની સંખ્યામાં લગભગ 4.9 લાખનો વધારો થયો છે. કેપિટલલાઈન દ્વારા ટ્રેક કરાયેલ કંપનીઓમાં આ સૌથી મોટો વધારો હતો.

આ કિસ્સામાં વેદાન્તાએ વિપ્રો, બજાજ ઓટો, એચડીએફસી બેન્ક અને રિલાયન્સ ઈન્ડ. જેવી મોટી કંપનીઓને પાછળ છોડી દીધી છે. આ કંપનીઓમાં કવાર્ટર દરમ્યાન રિટેલ રોકાણકારોની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો હતો. પરંતુ વેદાન્તામાં સૌથી વધુ વૃદ્ધિ જોવા મળી હતી. તેનાથી વિપરીત ટાટા મોટર્સ પીવી, યસ બેન્ક, સુઝલોન એનર્જી, અદાણી ગ્રીન, અને ભેલ જેવી કંપનીઓમાં રિટેલ શેરહોલ્ડરોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે.

નાના રોકાણકારોની સાથે એફઆઈઆઈનો પણ વિશ્વાસ વધ્યો છે, તેની હિસ્સેદારી માર્ચ 2026ના રોજ 13.93 ટકા હતી, તે જુનમાં 15.77 ટકા થઈ હતી. આ વધારો એટલા માટે મહત્વપુર્ણ છે કે ભારતીય બજારમાં વિદેશી રોકાણકારોનું વલણ પ્રમાણમાં નબળું રહ્યું છે. નાણાકીય વર્ષ 2026ના ચોથા કવાર્ટરમાં એનએસઇ પર લિસ્ટેડ કંપનીમાં એફઆઈઆનો સરેરાશ હિસ્સો ઘટીને 15.8 ટકા થયો હતો, જે લગભગ 17 વર્ષના નીચલા સ્તરે છે. આવા સમયગાળામાં વેદાન્તામાં વિદેશી રોકાણકારોના હિસ્સામાં વધારો થયા તે સારી બાબત કહી શકાય.

રિટેલ રોકાણકારોનો રસ વધવા પાછળનું મહત્વનું કારણ કંપની દ્વારા મજબૂત ડિવિડન્ડ વળતર છે. જેથી વેદાન્તાના રોકાણકારો કંપનીને છોડતા નથી અને નવા રોકાણકારો ઉમેરાતા જોવા મળી રહ્યા છે. ખાસ કરીને ડિમર્જરની જાહેરાત બાદ વેદાન્તાના રોકાણકારોમાં વધારો થયો હતો.

# ભારતનું NP/NPK ખાતર બજાર કટોકટીમાં

**વૈશ્વિક** ભાવ વધતાં આયાતમાં 48%નો મોટો ઘટાડો

**મોંઘા** ઇનપુટ કોસ્ટના કારણે સબસિડી માળખામાં ફેરફારની માગ



મુંબઈ, તા. 8: જૂન ક્વાર્ટરમાં ભારતમાં ખાતર ઉત્પાદન અને આયાતમાં તીવ્ર ઘટાડો થયો છે. પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે કાચા માલના ભાવમાં વધારો થવાને કારણે આ ઘટાડો થયો છે. મિશ્ર રાસાયણિક ખાતર ઉત્પાદન અઠ્ઠાવીસ ટકા ઘટ્યું છે, અને આયાત અડતાળીસ ટકા ઘટી ગઈ છે. એમોનિયા અને સલ્ફરના ભાવ લગભગ બમણા થઈ ગયા છે, જેના કારણે ઉત્પાદન અને આયાત ઓછી વ્યવહારુ બની છે. આ પરિસ્થિતિ ચાલુ પાક વાવણી સીઝન માટે પોષક તત્વોની ઉપલબ્ધતા અંગે ચિંતા ઉભી કરે છે.

પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે એમોનિયા અને સલ્ફરના ખર્ચમાં વધારો થયા પછી ભારતનું NP અને NPK ખાતર બજાર દબાણ હેઠળ છે. જૂન ક્વાર્ટરમાં ઉત્પાદન અને આયાતમાં તીવ્ર ઘટાડો થયો છે, જેના કારણે ખરીફ સિઝન દરમિયાન પોષક તત્વોની ઉપલબ્ધતા અંગે ચિંતા વધી છે. જો વૈશ્વિક ઈનપુટ ભાવ ઊંચા રહે તો સબસિડી માળખામાં હવે ફરીથી ફેરફારની જરૂર પડી શકે છે.ખરીફ ચક્ર ગતિ પકડી રહ્યું છે, જ્યારે ઉત્પાદકો અને આયાતકારો પશ્ચિમ એશિયાના સંઘર્ષ સાથે જોડાયેલા કાચા માલના ખર્ચમાં વધારા પછી જટિલ પોષક તત્વો પર પાછા ફરવા લાગ્યા છે, ત્યારે ભારતના ખાતર બજાર પર નવી કટોકટી આવી રહી છે. આ દબાણ સૌથી વધુ NP અને NPK ખાતરોમાં દેખાય છે, જે કઠોળ, તેલીબિયાં, કપાસ અને મકાઈ માટે મહત્વપૂર્ણ શ્રેણી છે.

ખેડૂતો હાલની સિઝન માટે વાવણીના નિર્ણયો લેવાની તૈયારીમાં છે ત્યારે આ તીવ્ર ઘટાડાથી પોષક તત્વોની ઉપલબ્ધતા અંગે ચિંતા વધી છે. યુરિયા અને ડાય-એમોનિયમ ફોસ્ફેટથી વિપરીત, NP અને NPK ના ભાવ સરકાર દ્વારા છૂટક સ્તરે નક્કી કરવામાં આવતા નથી. ઉત્પાદકો પોષક તત્વો આધારિત સબસિડી માળખા હેઠળ કાર્ય કરે છે, જ્યાં રાજ્ય પોષક તત્વો સબસિડી નક્કી કરે છે અને કંપનીઓ મહત્તમ છૂટક ભાવ નક્કી કરે છે.

રાસાયણિક ખાતરો માટે સૌથી મહત્વપૂર્ણ ફીડસ્ટોકમાંના એક, એમોનિયામાં સૌથી તીવ્ર ફેરફાર જોવા મળ્યો છે. સંઘર્ષ તીવ્ર બન્યો તે પહેલાં લેન્ડેડ ભાવ લગભગ $900 પ્રતિ ટન સુધી વધી ગયા છે, જે લગભગ $400 થી $500 પ્રતિ ટન હતા, જોકે અહેવાલમાં ટાંકવામાં આવેલા ઉદ્યોગ અંદાજો અનુસાર કિંમતોમાં થોડો ઘટાડો થયો છે. સલ્ફરના ભાવ પણ લગભગ બમણા થઈ ગયા છે, જેના કારણે સમગ્ર સપ્લાય ચેઈનમાં માર્જિન પર દબાણ આવ્યું છે. સરકારે એપ્રિલમાં 2026 ખરીફ સિઝન માટે ન્યૂટ્રિએન્ટ સબસિડી દરોમાં 10 ટકાથી 21 ટકાનો વધારો મંજૂર કર્યો હતો, જેનાથી કુલ સબસિડી જોગવાઈ રૂ. 41,534 કરોડ થઈ ગઈ હતી. પરંતુ ઉત્પાદકો કહે છે કે સુધારો અગાઉના ખર્ચ પર આધારિત હતો અને ત્યારબાદ પશ્ચિમ એશિયા સંઘર્ષને કારણે વૈશ્વિક ઇનપુટ ભાવમાં વધારાએ તે જૂનો થઈ ગયો છે.

## આજનું પંચાંગ

**તા. 09/08/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** વદ : અગિયારસ 11:06 કમિકા એકાદશી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 18
**યોગ :** હર્ષણ **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** મૃગશીર્ષ: 14:44
**રાશિ:** મિથુન (ક,છ,ઘ)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 06:16 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:11
**નવકારસી :** 07:04
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 30મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 25મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુકાળ:** સવારે : 16:30 થી 18:00 સુધી

## આપની આજ
જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વિદ્યાર્થીઓને સફળતા મળેફ. યાત્રા, પ્રવાસનું લગતાં કામમાં પ્રગતિ થાય. બૌધ્ધિક લોકોનું માર્ગદર્શન મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** માર્કેટિંગ, દલાલી અને ટ્યુશનને લગતા કામમાં આવક વધશે. નવા રોકાણની યોજના બને.

**મિથુન (ક,છ,ઘ,):** પરિવારમાં તણાવ રહે. સામાજીક સમસ્યા સતાવે. જીવનસાથી ભાઈ-બહેનનો સાથ મળે. પ્રવાસમાં સાવધાન.

**કર્ક (ડ,હ,):** લેવડ-દેવડ ટાળવું મોજશોખ પાછળ ખર્ચા વધશે. કોઇની જમાનત લેવી નહી. ગુપ્તભય સતાવે.

**સિંહ (મ,ટ,):** અપેક્ષિત કામમાં મદદ મળે. વફાદાર મિત્રોની મદદથી ધંધા માટે યોજના બને. પ્રેમમાં સાથ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** ધંધામાં નવી યોજના પાર પડે. વડીલોનો સાથ મળે. સમાજ જીવનમાં જવાબદારી વધશે.

**તુલા (ર,ત,):** કાયદાકાનૂન બાબતે મદદ મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. વિદેશનાં કામમાં પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** આંખોની કાળજી રાખવી. હરીફોથી સાવધાન. પૂજા-પાઠમાં મનને શાંતિ મળે. અચાનક શુભ સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** કોર્ટ, કચેરીમાં અનુકુળતા રહે. પરિવારમાં નવા કામની યોજના પાર પડે. જીવનસાથીનો સાથ મળે.

**મકર (ખ,જ,):** પડવા વાગવાથી સાવધાન, ગુપ્તભય સતાવે. અચાનક કોઇ મદદથી આમ્તવિશ્વાસ વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નવા સામાજીક સંબંધો બંધાય. સ્વાર્થી મિત્રોથી સાવધાન. પ્રેમમાં સાથ મળે. નવી નોકરીની તક મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઓફિસ, મકાન, જમીન, વગેરેની ખરીદીની યોજનામાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

### કોઈ પણ સાલમાં 09 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર અને ટેકનોલોજીથી નવુ શિખવા મળે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. કુટુંબ પરિવારની અપેક્ષાઓ દોડધામ વધારશે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં અનુકુળતાથી અટકેલા કામમાં ગતિ આવે. ઉંમર લાયકને યોગ્ય પાત્ર મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશના કામમાં પ્રગતિ થાય. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં વડીલોની મદદ મળે. પ્રેમ-વિવાહમાં મિત્રોની મદદ મળે. સંતાનોના કેરીયર અભ્યાસમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં ચડપી પડતી રહે. સ્ત્રીવર્ગની સમસ્યાઓનું સમાધાન થાય. નોકરીમાં પ્રમોશન મળી શકે છે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. માર્ચ-એપ્રિલ-ઓક્ટોબર-નવેમ્બર, મંગળ, ગુરુવાર 09,18,27 તારીખે નવા કામ કરવા. લાલ રંગનો ઉપયોગ કરતા રહેવું. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ, શનિવાર, 8,17,29 તારીખે નવા કામ ટાળવા. સફેદ, ભૂરા રંગનો ઉપયોગ ટાળવો.

### દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**સ્ત્રીઓને ઉનવા**

આમળાનો રસ 3 ચમચીમાં એક ચમચી સાકર ઉમેરી સવાર સાંજ પીવું. દાહ, દર્દ મટશે. આઠ દિવસ લો.